# Visit of Minister of State for External Affairs and Parliamentary Affairs to Oman (December 16-17, 2020)

December 15, 2020

## વિદેશી બાબતો અને સંસદીય બાબતોનાં રાજ્ય કક્ષાનાં મંત્રીની ઓમાનની મુલાકાત (ડીસેમ્બર 16-17, 2020)

ડીસેમ્બર 15, 2020

વિદેશી બાબતો અને સંસદીય બાબતોનાં રાજ્ય કક્ષાનાં મંત્રી શ્રી વી. મુરલીધરન 16-17 ડીસેમ્બર 2020 નાં રોજ ઓમાનની અધિકૃત મુલાકાત લેવાનાં છે. રાજ્ય કક્ષાનાં મંત્રી તરીકે આ તેઓની તે દેશની પ્રથમ મુલાકાત હશે. આ મુલાકાત દરમિયાન તેઓ ઓમાનનાં વિદેશ મંત્રી, શ્રમ મંત્રી તથા અન્ય મંત્રીઓને મળશે. તેઓ ભારતીય સમુદાયનાં અને નવા રચવામાં આવેલા ઓમાન-ભારત મૈત્રી સંગઠનનાં બહોળા વર્ગ સાથે પણ આદાન-પ્રદાન કરશે. રાજ્ય કક્ષાનાં મંત્રી ઈન્ડિયન સોશિયલ ક્લબ, સામાજિક કાર્યકરો, તબીબી અને શિક્ષણ વ્યાવસાયિકો અને યોગ સંસ્થાઓનાં પ્રતિનિધિઓને મળશે.

આ મુલાકાત દરમિયાન રાજ્ય કક્ષાનાં મંત્રી વિવિધ દ્વિપક્ષીય મુદ્દાઓ તેમજ પારસ્પરિક હિતનાં પ્રાંતિય અને આંતરરાષ્ટ્રિય મુદ્દાઓ પર વાર્તાલાપો યોજશે. તેઓ ખાસ કરીને ભારતીય સમુદાય સંબંધિત મુદ્દાઓ પર ધ્યાન કેન્દ્રિત કરશે. ઓમાનમાં 600,000 કરતા વધારે ભારતીયો વસે છે. બન્ને દેશોએ કોવિડ-19 મહામારીનો સામનો કરવા તથા વન્દે ભારત અભિયાન અંતર્ગત ઓમાન માંથી ભારતીયોને ક્રમશઃ રીતે સ્વદેશ પરત લાવવા માટે નિકટતાથી કાર્ય કર્યું છે. ભારતે એ પણ સુનિશ્ચિત કર્યું હતું કે ખોરાક અને અન્ય જીવન જરૂરી વસ્તુઓની પૂરવઠા સાંકળો સુગમ રીતે કાર્ય કરતી રહે અને ઓમાનમાં આરોગ્ય વ્યાવસાયિકોનાં પરત ફરવાની સુવિધા કરી આપી હતી. એર બબલ એગ્રીમેન્ટ હેઠળ બન્ને દેશો વચ્ચે ફ્લાઈટો કાર્યરત છે. ઓમાન દ્વારા તાજેતરમાં એવી પણ જાહેરાત કરવામાં આવી છે કે દસ દિવસોનાં સમયગાળા માટે ઓમાનની મુલાકાત લેવા માટે ભારતીયોને પ્રવેશ વિઝા માંથી મૂક્તિ આપવામાં આવશે.

ભારત અને ઓમાન ભૂગોળ, ઈતિહાસ અને સંસ્કૃતિથી જોડાયેલા છે અને હૂંફાળા તથા સ્નેહપૂર્ણ સંબંધો ધરાવે છે. બન્ને દેશો વ્યૂહાત્મક ભાગીદારી ધરાવે છે અને કોવિડ-19 મહામારી દરમિયાન નિકટનાં ઉચ્ચ-સ્તરનાં સંપર્કો જાળવી રાખ્યા છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ એપ્રિલ 2020 માં ઓમાનનાં સુલતાન મહામહિમ સુલતાન હૈથામ બિન તારિક સાથે ટેલીફોન પર વાત કરી હતી.

વિદેશ મંત્રીએ 2 ડીસેમ્બર 2020 નાં રોજ ઓમાનનાં વિદેશ મંત્રી સાથે વર્ચ્યુઅલ બેઠક કરી હતી. ઓક્ટોબર 2020 માં વર્ચ્યુઅલ ભારત-ઓમાન જોઇન્ટ કમિશન મીટિંગ (JCM) યોજવામાં આવી હતી જેમાં બન્ને દેશોનાં વાણિજ્ય મંત્રાલયનાં મંત્રીઓએ ભાગ લીધો હતો.

**નવી દિલ્હી**
**ડીસેમ્બર 15, 2020**

DISCLAIMER: This is an approximate translation. The original is available in English on MEA's website and may be referred to as the official press release.